### વરસાદી પૂરના ત્રાસ બાદ હવે રોગચાળાનો ભય

# પાણી ઓસરતાં ‘નં.1’ સ્વચ્છ શહેરનો ‘મેકઅપ’ પણ ઉતરી ગયો

**કાગળ** પર સૌથી સ્વચ્છ શહેર ગણાતા સુરતમાં વરસાદ અટકતા હવે શહેરમાં ઠેર ઠેર કાદવ-કીચડ વચ્ચે ગંદકીના ઢગલા

સુરતઃ દેશભરમાં કાગળ પર સૌથી સ્વચ્છ શહેરનું બહુમાન મેળવનારા ‘નંબર ૧’ સુરત શહેરમાં વરસાદી પાણી ઓસરતાંની સાથે જ ‘સ્વચ્છતાનો મેકઅપ’ પણ જાણે ઉતરી ગયો હોય તેવી પરિસ્થિતિનું નિર્માણ થયું છે. વરસાદ અટક્યા બાદ હવે અનેક વિસ્તારોમાં રસ્તાઓ પર ઠેર-ઠેર કાદવ-કિચડ અને ગંદકીના ગંજ જોવા મળી રહ્યા છે, જેને પગલે પાણીજન્ય અને મચ્છરજન્ય રોગચાળોનો ભય ઉભો થયો છે. રાષ્ટ્રીય સ્તરે સ્વચ્છતા સર્વેક્ષણમાં ડંકો વગાડનાર સુરત મહાનગરપાલિકા દાવો કરતી રહી છે કે શહેર સફાઈ મામલે મોખરે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે માત્ર બે જ દિવસના વરસાદે આ દાવાઓની હવા કાઢી નાખી છે. શહેરના વરાછા, કતારગામ, લિંબાયત, ઉધના અને અઠવા સહિતના અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ઉતરી ગયા બાદ રસ્તાઓ પર ચીકણો કાદવ જામી ગયો છે. આ ઉપરાંત, મનપાના સફાઈ કર્મચારીઓ દ્વારા સમયસર કચરો ન ઉપાડાતા રહેણાંક વિસ્તારોની નજીક ગંદકીના ઢગલા ખડકાયા છે. શહેરમાં ઠેર-ઠેર સર્જાયેલા ગંદકીના સામ્રાજ્ય અને નીચાણવાળા ભાગોમાં હજુ પણ ભરાઈ રહેલા સ્થિર પાણીના કારણે હવે ગંભીર આરોગ્ય કટોકટી સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે. ચોમાસાની આ સિઝનમાં ગંદકી અને ભરાયેલા પાણીને લીધે મચ્છરોનો ઉપદ્રવ વધવાની અને તેને કારણે ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયા જેવા મચ્છરજન્ય રોગો માથું ઊંચકે તેવી પૂરી શક્યતા જોવાઈ રહી છે. બીજી તરફ, દૂષિત પાણીના મિશ્રણ અને માખીઓના ઉપદ્રવને કારણે ઝાડા-ઊલટી, કમળો અને ટાઈફોઈડ જેવા પાણીજન્ય રોગો ફેલાવવાનો ભય પણ તોળાઈ રહ્યો છે. લોકો હવે તંત્ર પાસે વહેલી તકે યુદ્ધના ધોરણે કાદવની સફાઈ કરવા, કચરાના ઢગલા હટાવવા અને જંતુનાશક દવાઓ તેમજ પાવડરનું છંટકાવ કરવાની માંગ કરી રહ્યા છે, જેથી કરીને શહેરમાં કોઈ મોટો રોગચાળો ફાટી ન નીકળે.









## મોડેલ ટાઉનમાં પાણી ન ઉતરતા માતા પોતાના બાળકો પાસે ન પહોંચી શકી

મોડેલ ટાઉન વિસ્તારમાં એક મધ્યમવર્ગીય માતા સામે આવી છે, જે ગઈકાલે નોકરી પર ગઈ હતી, પરંતુ પરત ફરતી વખતે અચાનક 10 ફૂટથી પણ વધુ પાણી ભરાઈ જવાના કારણે પોતાના ઘરે પહોંચી શકી નહોતી અને બુધવારે સવારના આઠ વાગ્યાથી આ જળબંબાકાર વચ્ચે ટ્રાફિક સર્કલ પર અસહાય અવસ્થામાં બેસી રહી હતી. પૂરના ધસમસતા પાણી વચ્ચે એક તરફ પોતાની લાચારી અને બીજી તરફ ઘરે એકલા મૂકેલા ત્રણ માસૂમ બાળકોની ચિંતામાં આ માતાની આંખોમાંથી આંસુ સુકાયા ન હતા.

## પ્રેમનગરમાં ઈતિહાસમાં પ્રથમવાર ઘૂસ્યા ખાડીના પાણી

સુરતની ત્રણ મુખ્ય ખાડીઓ ઓવરફ્લો થતાં નજીકના રહેણાંક વિસ્તારો જળબંબાકાર બન્યા હતા. ભેદવાડ ખાડી ઉભરાવાને કારણે પ્રેમનગર વિસ્તારમાં ઈતિહાસમાં પ્રથમવાર ખાડીના પાણી ફરી વળ્યા હતા. પ્રેમનગરમાં લગભગ 3થી 4 ફૂટ જેટલા પાણી ભરાઈ જતાં બાળકો, વૃદ્ધો અને મહિલાઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો.

## બીજા દિવસે પણ પાણી ન ઉતરતા નાના વરાછાની દેવીકૃપા સોસાયટી બેટમાં ફેરવાઈ

નાના વરાછા વિસ્તારમાં આવેલા શ્યામધામ ચોક નજીકની દેવીકૃપા સોસાયટી વિભાગ-1ના તમામ આંતરિક રસ્તાઓ પર નદીઓ વહેતી થઈ ગઈ હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. અને સમગ્ર સોસાયટી બેટમાં ફેરવાઈ ગઈ છે. ભારે વરસાદને કારણે પાણીનો યોગ્ય નિકાલ ન થતાં પૂર જેવા પાણી સોસાયટીના નીચાણવાળા ભાગોમાં અને લોકોના ઘરોમાં ઘૂસી ગયા હતા. ઘરોની અંદર લિવિંગ રૂમથી લઈને રસોડા સુધી ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા હતા.

## અલથાણ નજીકની ખાડી ઓવરફ્લો થતાં બાયોડાયવર્સિટી પાર્ક ડૂબી ગયો

શહેરમાં અતિભારે વરસાદના પગલે અલથાણ નજીકથી પસાર થતી ખાડી ઓવરફ્લો થતાં પ્રખ્યાત બાયોડાયવર્સિટી પાર્ક સંપૂર્ણપણે પાણીમાં ડૂબી ગયો હતો.

## સીમાડા ખાડી ઓવરફ્લો થતા આસપાસના વિસ્તારો બેટમાં ફેરવાયા

સીમાડા વિસ્તારમાં આવેલું વાલમનગર અને આસપાસના શુભમ પાર્ક સોસાયટી સહિતની સોસાયટીઓ હાલ પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. સીમાડા ખાડી ઓવરફ્લો થવાના કારણે આસપાસના તમામ વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. ઘરો અડધા ડૂબી ગયા છે. આ સાથે જ દુકાનો પણ ડૂબી જવાના કારણે મોટું નુકસાન થયું છે.

## મીઠી ખાડી ઓવરફ્લો થતાં લિંબાયતની 15 સોસાયટીઓ પાણીમાં ગરકાવ

લિંબાયત ઝોનમાંથી પસાર થતી મીઠી ખાડી ઓવરફ્લો થવાના કારણે આસપાસના રહેણાંક વિસ્તારોમાં પૂરના પાણી ફરી વળ્યા હતા. ખાડીના પાણી બેક મારવાના કારણે કબૂતર સર્કલ નજીક આવેલી અંદાજે 15 જેટલી સોસાયટીઓ ખાડી પૂરથી ખરાબ રીતે અસરગ્રસ્ત થઈ હતા. જેના લીધે હજારોની સંખ્યામાં સ્થાનિક લોકો પોતાના જ ઘરોમાં કેદ થઈ ગયા હતા. ખાસ કરીને આ પૂરની પરિસ્થિતિમાં લિંબાયત વિસ્તારની પ્રતિષ્ઠિત વૃંદાવન બંગલોઝ સોસાયટી અને સિદ્ધિ આવાસ સહિતની અનેક સોસાયટીઓ પાણીમાં ગરકાવ થઈ ગઈ હતી. સોસાયટીઓમાં ઘૂંટણસમા કે તેનાથી વધુ પાણી ભરાઈ જવાના કારણે લોકોની રોજિંદી જીવનશૈલી સંપૂર્ણપણે ખોરવાઈ ગઈ હતી.

## ગોડાદરામાં લોકોએ બસ શેલ્ટર પર ચડી બચાવોની બૂમો પાડતા રેસ્ક્યુ કરાયું

મંગળવારે મોડી રાત્રે ગોડાદરા બસ શેલ્ટર પર લોકોએ ચઢીને ‘બચાવો, બચાવો’ની બુમો પાડતા હોય તેવો વિડીયો સોશિયલ મીડિયા પર ખુબ વાયરલ થયો હતો. આ વિડીયોને પગલે લોકોએ ફાયર કંટ્રોલમાં ફોન કરતા ફાયરની ટીમ સ્થળ પર પહોંચી હતી અને બોટ મારફતે બસ શેલ્ટરમાંથી લોકોનું રેસ્ક્યું કરાયું હતું.

### ભાજપના જ ધારાસભ્ય ભાજપના શાસન સામે વિપક્ષના રોલમાં

# અધિકારીઓ કામગીરીને બદલે માત્ર સમીક્ષા બેઠક જ કરે છે : કાનાણી

**દર** વર્ષે મોટા દાવાઓ કરવામાં આવે છે પરંતુ વરસાદ પડતાં જ તમામ પોલ ખુલ્લી પડી જાય છે, ધારાસભ્યનો આક્રોશ

સુરતઃ શહેરમાં ભારે વરસાદ બાદ ખાડીઓ ઓવરફ્લો થતાં સર્જાયેલી પૂરની સ્થિતિ અંગે ભાજપના જ વરાછા રોડના ધારાસભ્ય અને પૂર્વ આરોગ્ય મંત્રી કુમાર કાનાણીએ પોતાની સરકારના વહીવટી તંત્ર સામે ગંભીર સવાલો ઉઠાવ્યા છે. વરસાદ બંધ થયાના બીજા દિવસે પણ શહેરના અનેક વિસ્તારોમાંથી પાણી ન ઓસરતાં હજારો પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે, જેને પગલે કાનાણીએ આક્રોશ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે ગત વર્ષે પૂર બાદ યોજાયેલી ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠકોના નિર્ણયો માત્ર કાગળ પર જ રહી ગયા છે. દર વર્ષે તંત્ર દ્વારા મોટા-મોટા દાવા કરવામાં આવે છે, પરંતુ વરસાદ પડતાં જ વ્યવસ્થાની પોલ ખુલ્લી પડી જાય છે. વહીવટી તંત્રની આ નિષ્ક્રિયતા અને આયોજનહીનતાના કારણે જ આજે લાખો સુરતીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. ધારાસભ્ય કુમાર કાનાણીએ વહીવટી તંત્રને આડે હાથ લેતા સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે ખાડી પૂરની સમસ્યા હવે માત્ર કુદરતી આફત નથી રહી, પરંતુ તે તંત્રની સંપૂર્ણ નિષ્ફળતાનું પરિણામ છે. જો ગત વર્ષની બેઠકોમાં લેવાયેલા નિર્ણયોનો યોગ્ય અમલ થયો હોત, તો આજે જનતાને આ દુર્દશા ન જોવી પડત. તેમણે મનપા તંત્ર પાસે કાયમી ઉકેલની માંગ કરતાં સૂચન કર્યું છે કે ખાડીઓનું વૈજ્ઞાનિક અને ટેક્નિકલ સર્વેક્ષણ કરીને પાણીને અન્યત્ર ડાયવર્ટ કરવાની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ તેમજ ડ્રેનેજ સિસ્ટમમાં સુધારો કરી લાંબા ગાળાનો માસ્ટર પ્લાન ત્વરિત અમલમાં મૂકવો જોઈએ. હવે માત્ર ઔપચારિક બેઠકો અને આશ્વાસનો આપવાને બદલે જવાબદારી નક્કી કરીને કાયમી ધોરણે નક્કર કામગીરી કરવાનો સમય આવી ગયો છે.

### પ્રિ-મોન્સુન કામગીરી પાછળ કરોડોના ખર્ચ, પણ કામગીરી શૂન્ય: કોંગ્રેસના હરીશ સૂર્યવંશી

સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સુર્યવંશીએ જણાવ્યું હતું કે, મનપા દ્વારા દર વર્ષે પ્રિ-મોન્સુન કામગીરી પાછળ કરોડો રૂપિયા ખર્ચ કરવામાં આવે છે પરંતુ કામગીરી સ્થળ પર દેખાતી નથી. ચુંટાયેલી પાંખ અને આમ આદમી પાર્ટીએ બસ પોતાના ખિસ્સા જ ભર્યા છે કામગીરી થતી નથી જેનો ભોગ સુરતની જનતા બની રહી છે. ચોમાસાના 2 મહિના પહેલા પ્રિ-મોન્સુન કામગીરી કરવી જોઈએ જે થઈ નથી જેનું પરિણામ આ પુર આવ્યું છે.

### પણ એક જ વિસ્તારમાં દર વર્ષે પુર આવે છે : આપના રચના હિરપરા

આપના કોર્પોરેટર રચના હીરપરાએ જણાવ્યું હતું કે, વર્ષોથી સુરતમાં ભાજપનું શાસન છે તેમ છતા પરિસ્થિતિ જેમની તેમ છે. પુણા વિસ્તારમાં ઘણી સોસાયટીઓમાં પાણીનો ભરાવો થયો હતો. વોર્ડ નંબર 17(પુણા-પુર્વ)માં મહાવીર, શ્યામધામ 1-2, સંગના, સરસ્વતી સોસાયટી 1, 2 અને 3 માં લોકોના ઘરોમાં પાણીનો ભરાવો થયો હતો. લોકોની ઘરવખરી બધુ સ્વાહા થઈ ગયું હતું,. પણ તંત્ર અને ભાજપ શાસકો નફ્ફટ છે. દર ચોમાસામાં થતી આ સમસ્યાનું કોઈ સમાધાન આવી રહ્યું નથી.

### પાલિકાના કોન્ટ્રાક્ટરોની મહેરબાની : ડિંડોલીમાં આખો રોડ ઉખડી ગયો...



સુરતમાં પડેલા વરસાદને કારણે રસ્તાઓની હાલત બદથી બદતર થઇ ગઇ છે. ડિંડોલીમાં તો માર્ગ તણાતો જોવા મળ્યો હતો. આ સ્થિતિ જોતા એવું લાગે છે કે, સુરતીઓ જે ટેક્સ ભરે છે તે કોન્ટ્રાક્ટરો પાછળ જ ખર્ચાઇ છે આપણા વિકાસ માટે નહીં. (તસવીર : હેમંત ડેરે)

# ક્યાં કેટલા પાણી ભરાયા? તંત્ર શું કહે છે? શું છે હકીકત?

| વિસ્તાર | ફૂટ પાણી | તંત્રનું બહાનું | અવલોકન |
|---|---|---|---|
| વરાછા ગઢપુર રોડ | 02 | અતિભારે વરસાદ | પ્રિ-મોન્સુનની નબળી કામગીરી |
| વરાછા કઠોદરા રોડ | 1.5 | અતિભારે વરસાદ | જાળિયાની યોગ્ય સફાઈ નહીં |
| વરાછા વ્રજચોક | 02 | અતિભારે વરસાદ | સ્ટ્રોમ-ડ્રેનેજની સફાઈ નહીં |
| વરાછા વાલમનગર | 2.5 | અતિભારે વરસાદ | કચરા જામ |
| વરાછા વીટી નગર | 01 | અતિભારે વરસાદ | જાળિયાની યોગ્ય સફાઈ નહીં |
| વરાછામાં સંજયનગરવસાહત | 03 | અતિભારે વરસાદ | સ્ટ્રોમ ચોકઅપ |
| ઉધનામાં અમીઝરા રેસિડેન્સી પાસે | 01 | અતિભારે વરસાદ | પ્રિ-મોન્સુનની નબળી કામગીરી |
| ઓએનજીસી બ્રિજ | 02 | અતિભારે વરસાદ | પાણીનો નિકાલની વ્યવસ્થા નહીં |
| લિંબાયતમાં ગોવિંદનગર | 02 | અતિભારે વરસાદ | રોડ અને સોસાયટીઓના ખોટા લેવલ |
| લિંબાયત ઝોન ઓફિસ રોડ | 1.5 | અતિભારે વરસાદ | રિવર્સ ફ્લો |
| કમરૂનગર આવાસ | 03 | અતિભારે વરસાદ | ગટરમાં કચરો જામ થઈ જવો |
| રતનજીનગર | 3.5 | અતિભારે વરસાદ | રિવર્સ ફ્લો |
| યુનિવર્સિટી રોડ | 02 | અતિભારે વરસાદ | સ્ટ્રોમ ડ્રેનેજની સફાઈનો અભાવ |
| ભગવાન મહાવીર કોલેજ | 03 | અતિભારે વરસાદ | લો-લાઈન એરિયા, યોગ્ય પાણીના નિકાલની વ્યવસ્થા નથી કરાતી |
| ખાટુ શ્યામ મંદિર | 02 | અતિભારે વરસાદ | ગટરમાં કચરો જામ થઈ જવો |
| લિંબાયત વામ્બે આવાસ | 04 | અતિભારે વરસાદ | કન્સ્ટ્રક્શન સાઇટ્સનો કચરા અને કાટમાળ |
| લિંબાયત રણછોડનગર, ગોવિંનનગર, રૂપનગર | 03 | અતિભારે વરસાદ | રોડ અને સોસાયટીઓના લેવલમાં ફરક |

# વરસાદ પછી પણ દેલાડવા, ગોડાદરાનાં 5 લાખ ઘરમાં પાણી

**આઠ ફૂટ** પાણીમાં મકાનો મોડી સાંજે પણ ગરકાવ: ખાડી પૂરી દેતાં બિલ્ડરોએ આરસીસી કરીને પાર્કિંગ બનાવી દીધું

સુરતઃ શહેરમાં દેમાર વરસાદે પાલિકા તંત્રની પોલ ખોલી નાંખી છે. તેમાં પણ પૂણા, સરથાણા, પાંડેસરા, દેલાડવા, સીમાડા ગામના અંદાજે પાંચ લાખ કરતાં વધારે મકાનોમાં પાણી ઊતરતા હજુ બે દિવસ રાહ જોવી પડે તેમ છે. તેમાં કોયલી ખાડી, ભેદવાડ ખાડી, મીઠી ખાડી બહાર આવી જતાં હજારો મકાનોમાં પાણી ઘૂસી ગયા છે. ક્રોંક્રીટનાં જંગલોએ આ ખાડીના રસ્તાઓ જ પૂરી દેતાં હવે સામાન્ય નાગરિકોને હજારો કરોડનું નુકસાન વેઠવાની નોબત આવી છે. તેમાં સૌથી વધારે ખરાબ હાલત ગોડાદરા, દેલાડવા, ડિંડોલી, પાંડેસરાની હોવાની વિગત જાણવા મળી છે.

પાંચ લાખ કરતાં વધારે મકાનો હજુ પાણીમાં છે. તેમાં બેથી આઠ ફૂટ પાણી બુધવારના રોજ પણ લોકોના ઘરમાં હોવાની વિગત જાણવા મળી છે. દરમિયાન હાલમાં સરકારી સિસ્ટમ એનડીઆરએફની ટીમો ઉતારવામાં આવી હતી અને લોકોને રેસ્ક્યુ કરવામાં આવી રહ્યા છે.

### સીમાડાની હાલત પણ દયનીય

દરમિયાન સીમાડા વિસ્તારમાં બે લાખ કરતાં વધારે મકાનો પાણીમાં છે. તેમાં ચારથી દસ ફૂટ જેટલા પાણી અહીંની સોસાયટીઓમાં ઘૂસ્યા હોવાની વિગતો જાણવા મળી છે. ઉપરાંત જે વિગતો જાણવા મળી છે તે પ્રમાણે આ વિસ્તારોમાં હજુ કોઇ સુવિધા પહોંચાડાઇ નથી.

### બે લાખ દુકાનદારો ફૂટપાથ પર આવી ગયા

સીમાડા, પાંડેસરા, ગોડાદરા, પૂણામાં અંદાજે બે લાખ જેટલી નાની-મોટી દુકાનોમાં પાણી ઘૂસતાં હજારો દુકાનદારોની હાલત દયનીય થઇ ગઇ છે. આ તમામ લોકોની દુકાનોમાં પાણી ઘૂસતા હજારો કરોડોના નુકસાનની દહેશત વ્યક્ત કરવામાં આવી રહી છે. દરમિયાન વરાછા જેવા વિસ્તારમાં અંડરગ્રાઉન્ડ પાણી ભરાતાં કરોડો રૂપિયાનું નુકસાન થયું હોવાની વિગતો જાણવા મળી છે.

# 37 વર્ષનો વરસાદી રેકોર્ડ તૂટ્યોઃ સુરતમાં એક જ દિવસમાં 14.32 ઈંચ વરસાદ

**વર્ષ-1988** બાદ પ્રથમ વખત એક દિવસમાં આટલો ભારે વરસાદ

**125 વર્ષના** ઈતિહાસમાં છઠ્ઠી વખત એક દિવસમાં સર્વાધિક વરસાદ નોંધાયો

સુરતઃ સુરત શહેરમાં 7 જુલાઈ, 2026નો દિવસ વરસાદના ઈતિહાસમાં યાદગાર બની ગયો છે. શહેરમાં એક જ દિવસમાં 14.32 ઈંચ વરસાદ નોંધાતાં છેલ્લાં 37 વર્ષનો રેકોર્ડ તૂટી ગયો છે. આ પહેલાં વર્ષ 1988માં 27 જુલાઈના રોજ 16 ઈંચ વરસાદ નોંધાયો હતો, જે બાદ હવે પ્રથમ વખત એક જ દિવસમાં 14 ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા, મુખ્ય માર્ગો પર વાહનવ્યવહાર પ્રભાવિત થયો હતો અને જનજીવનને પણ વ્યાપક અસર પહોંચી હતી. જો કે, વરસાદના આંકડાઓએ સુરતના વરસાદી ઈતિહાસમાં વધુ એક મહત્ત્વનું પાનું ઉમેર્યું છે.

છેલ્લા લગભગ ચાર દાયકામાં પ્રથમ વખત એક જ દિવસમાં આટલો વરસાદ નોંધાતાં હવામાનની બદલાતી પેટર્ન અને અતિભારે વરસાદની વધતી ઘટનાઓ અંગે પણ ચર્ચા શરૂ થઈ છે.

### 1988 પછી સૌથી વધુ વરસાદ

વર્ષ-1988 બાદ સુરત શહેરમાં અનેક વખત ભારે વરસાદ નોંધાયો હતો, પરંતુ એક જ દિવસમાં 14 ઈંચથી વધુ વરસાદ ક્યારેય નોંધાયો નહોતો. 37 વર્ષ બાદ ફરી એકવાર શહેરે અતિભારે વરસાદનો અનુભવ કર્યો છે. હવામાન નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આ વરસાદ અત્યંત ભારે વરસાદની શ્રેણીમાં આવે છે.

### સુરતમાં ઐતિહાસિક વરસાદના આંકડા

| તારીખ | વરસાદ (ઈંચ) |
|---|---|
| 17 જુલાઈ 1902 | 19.41 |
| 2 જુલાઈ 1941 | 18.13 |
| 28 જુલાઈ 1891 | 18.00 |
| 27 જુલાઈ 1988 | 16.00 |
| 2 સપ્ટે. 1992 | 15.78 |
| 7 જુલાઈ 2026 | 14.32 |
| 5 સપ્ટે. 1954 | 14.00 |
| 12 ઓગસ્ટ 1964 | 13.42 |
| 2 ઓગસ્ટ 2004 | 13.01 |
| 7 જુલાઈ 1908 | 12.02 |
| 9 જુલાઈ 1961 | 11.32 |
| 23 સપ્ટે. 1945 | 10.78 |

### ઓછા સમયમાં વધુ પાણી ઝીંકાવાની સાથે

# સુરતમાં વરસાદનો ટ્રેન્ડ બદલાયો, સરેરાશ વરસાદ વધીને 70 ઈંચ

**વર્ષ-**2016થી 2024 સુધી એક દિવસનો સૌથી વધુ વરસાદ 4થી 7 ઈંચ વચ્ચે રહેતો હતો

**2025માં** આ સરેરાશ વરસાદ વધીને 10 ઈંચ થઈ ગયો અને હવે એક જ દિવસમાં 13 ઈંચ થયો

સુરતઃ છેલ્લાં કેટલાંક વર્ષોના આંકડા દર્શાવે છે કે સુરત શહેરમાં વરસાદની પેટર્ન અથવા ટ્રેન્ડમાં મોટો બદલાવ આવી રહ્યો છે. સુરતનો છેલ્લાં 10 વર્ષનો સરેરાશ વાર્ષિક વરસાદ 1542 એમએમ છે, જે છેલ્લાં 5 વર્ષમાં વધીને 1750 એમએમ થયો છે, જે દર્શાવે છે કે વાર્ષિક વરસાદનું પ્રમાણ વધી રહ્યું છે. વર્ષ-2016થી 2024 દરમિયાન એક દિવસનો સર્વાધિક વરસાદ સામાન્ય રીતે 4.16 ઈંચથી 7.72 ઈંચ વચ્ચે રહેતો હતો. પરંતુ વર્ષ-2025માં તે વધીને 10.24 ઈંચ થયો અને વર્ષ-2026માં તાજેતરમાં જ તા.7/7/2026ના રોજ છેલ્લાં 10-15 વર્ષનો એક દિવસનો સર્વાધિક 13.52 ઈંચ (338 એમએમ) વરસાદ નોંધાયો છે. આમ, સામાન્ય ચોમાસાની સરખામણીએ ખૂબ જ ટૂંકા સમયમાં અત્યંત ભારે વરસાદ પડવાનો એક નવો ટ્રેન્ડ જોવા મળી રહ્યો છે.

વર્ષ-2026ના ચોમાસામાં તા.6/7/2026 સુધી કુલ વરસાદ માત્ર 269 એમએમ હતો, જે આ ભારે વરસાદના કારણે તા.8/7/2026 સુધીમાં અચાનક વધીને 755 એમએમ થઈ ગયો. આ વર્ષે આજદિન સુધીના કુલ 781 એમએમ (31.24 ઈંચ) વરસાદમાંથી 45.90% જેટલો એટલે કે 358 એમએમ વરસાદ તો માત્ર સુરત સિટી વિસ્તારમાં તા.7/7/2026ના એક જ દિવસમાં નોંધાયો છે. આ વરસાદની તીવ્રતા બપોરે 12થી સાંજે 6 વાગ્યામાં સૌથી વધુ હતી, જેમાં સાંજે 4 વાગ્યે જ સરેરાશ 115 એમએમ વરસાદ ખાબક્યો હતો. ઝોન વાઈઝ વાત કરીએ તો, શહેરનો સરેરાશ વરસાદ 369.07 એમએમ (14.76 ઈંચ) રહ્યો, જેમાં સરથાણા ઝોનમાં સૌથી વધુ 475 એમએમ (19 ઈંચ), વરાછા-એ માં 454.04 એમએમ (18.16 ઈંચ) અને લિંબાયતમાં 430.12 એમએમ (17.20 ઈંચ) વરસાદ નોંધાયો હતો. સુરત સિટી ઉપરાંત આસપાસના તાલુકાઓ જેમ કે પલસાણા (462 એમએમ) અને કામરેજ (442 એમએમ) પણ આ બદલાયેલા અને તીવ્ર વરસાદી ટ્રેન્ડના કારણે સૌથી વધુ અસરગ્રસ્ત રહ્યા છે, જેના લીધે શહેરમાં પાણી ભરાવાની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હોવાનું મનાઈ રહ્યું છે.

# અસરગ્રસ્તોને કેશડોલ્સ અને ઘરવખરીની સહાય ઝડપથી મળશે

**પ્રભારી** મંત્રી કનુભાઈ દેસાઈની સમીક્ષા બેઠકમાં તંત્રને આદેશ; પાણીના નિકાલ માટે ડિવોટરિંગ પંપ વધારવા સૂચના

સુરતઃ સુરત શહેર અને જિલ્લામાં ભારે વરસાદ બાદ સર્જાયેલી પાણી ભરાવાની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્ય સરકાર અને જિલ્લા તંત્ર સક્રિય બન્યું છે. સુરત જિલ્લા પ્રભારી મંત્રી અને નાણામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષ સ્થાને યોજાયેલી સમીક્ષા બેઠકમાં વરસાદથી અસરગ્રસ્ત લોકો સુધી તાત્કાલિક રાહત પહોંચાડવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા હતા.

આ બેઠકમાં મંત્રીએ અસરગ્રસ્ત વિસ્તારોનો તાત્કાલિક સરવે કરાવીને લોકોને નિયમ મુજબ કેશડોલ્સ અને ઘરવખરી સહાયની ચૂકવણી ઝડપથી શરૂ કરવા અધિકારીઓને સૂચના આપી હતી. સુરત કલેક્ટર તેજસ પરમારે બેઠકમાં માહિતી આપતાં જણાવ્યું હતું કે, પલસાણા અને કામરેજ તાલુકામાં સૌથી વધુ વરસાદ નોંધાયો છે. ભારે વરસાદને કારણે થયેલા નુકસાનનો ઝડપી અંદાજ મેળવવા માટે આ જ રાતથી જ સરવે ટીમોને મેદાનમાં ઉતારવામાં આવશે. શહેર અને જિલ્લામાં અંદાજે 40 જેટલાં કાચાં-પાકાં મકાનોને નુકસાન થયાની પ્રાથમિક વિગતો પણ બેઠકમાં રજૂ કરવામાં આવી હતી. પ્રભારી મંત્રી કનુભાઈ દેસાઈએ પાણી ભરાવાની સમસ્યાને દૂર કરવા માટે જરૂરિયાત મુજબ વધુ ડિવોટરિંગ પંપ અને સાધન સામગ્રી ઉપલબ્ધ કરાવવા સૂચના આપી હતી. તેમણે અસરગ્રસ્ત વિસ્તારોમાં ભરાયેલા પાણીનો ઝડપથી નિકાલ થાય તે માટે સતત મોનિટરિંગ કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત રેસ્ક્યુ કામગીરી, સ્થળાંતર, ફૂડ પેકેટ વિતરણ, વોટરબોટની વ્યવસ્થા, શેલ્ટર હોમ્સ અને રિલીફ સેન્ટરોની સ્થિતિ અંગે પણ અધિકારીઓ પાસેથી વિગતવાર માહિતી મેળવી હતી.